પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૨ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૦, સોમવાર; પોષ વદ - ૦૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## સીએએ નાગરિકતા આપવા માટે છે, છીનવવા નહીં : મોદી

**સીએએ મુદ્દે દેશભરમાં થઇ રહેલા વિરોધ વચ્ચે વડાપ્રધાને બેબલૂર મઠથી સ્પષ્ટતા કરી**



કલકત્તા,તા.૧૨

નાગરિકતા સંશોધન કાયદાને લઈને દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે ત્યારે પશ્ચિમ બંગાળે એનઆરસી તેમજ સીએએને લાગુ કરવાનો સ્પષ્ટ રીતે ઈનકાર કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળની મુલાકાતે છે અને રવિવારે તેમણે બેબલૂર મઠની મુલાકાત દરમિયાન આ મામલે કેન્દ્ર સરકાર તરફથી સીએએ અંગે કેટલીક સ્પષ્ટતા કરી છે. રાજ્યની મમતા બેનરજી સરકાર પર પમ તેમણે આડતકરી રીતે નિશાન સાધ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે નાગરિકતા સંશોધન કાયદો વ્યક્તિને દેશનું નાગરિત્વ આપવા માટે છે નહીં કે કોઈનું નાગરિત્વ છીનવી લેવા માટે. આ કાયદો રાતો-રાત નથી ઘડાયો પરંતુ સમજી વિચારીને તૈયાર કર્યો છે.

**ગાંધીજી જે કહીને ગયા તેનું જ અમે પાલન કર્યું, રાજનીતિનો ગંદો ખેલ ખેલનારા લોકો નાગરિકતા કાયદાનો ખોટો ભ્રમ ફેલાવી રહ્યા છે : રાજકારણની રમત રમનારા લોકો સમજવા તૈયાર નથી તેથી જાણી જોઇને અણસમજુ બની રહ્યા છે**

વડાપ્રધાને પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષો પર પ્રહાર કરતા જણાવ્યું કે, વિપક્ષ આ મુદ્દે જાણીજોઈને વિરોધ કરી રહ્યો છે અને તે કાયદાને સમજવા માટે જ તૈયાર નથી. તેઓ કહે છે કે આ કાયદો ઘડાયા પછી હવે પાકિસ્તાને જવાબ આપવો પડશે કે તેમણે લઘુમતિઓ પર જુલ્મ શા માટે કર્યા. વિપક્ષ આ કાયદાને લઈને ખોટી નિરાશા તેમજ ભ્રમ ફેલાવી રહ્યો છે તેમ મોદીએ જાહેરસભામાં જણાવ્યું હતું. મોદીએ જણાવ્યું કે, 'યુવાનો આ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાંથી હિઝબુલના બે આતંકવાદી ઝડપાયા

**એક ડીએસપીની પણ ધરપકડ : આતંકવાદીઓ સાથે ઝડપાયેલા ડીએસપીના ઘરે દરોડો પાડતાં એક એક-૪૭ રાઇફલ અને એક પિસ્તોલ મળી આવી**

શ્રીનગર,તા.૧૨

જમ્મુ અને કાશ્મીર સ્થિત કુલગામમાં ચેકિંગ દરમિયાન બે આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. આ બંને આતંકવાદીઓની સથો એક ડીએસપી રેન્કના પોલીસ અધિકારી દવિન્દરસિંહની પણ ધરપકડ કરવામાં આવી છે, જે આતંકવાદીઓ સાથે જ તેમની કારમાં બેઠા હતા. દવિન્દરસિંહ હાલ એરપોર્ટ પર તૈનાત હતા. આ પોલીસ અધિકારીના ઘરે સુરક્ષાદળોએ દરોડા પણ પાડ્યા છે. ડીએસપીના ઘરેથી એક એકે-૪૭ રાઈફલ તથા એક પિસ્તોલ મળી આવી હતી.



પકડાયેલા આતંકવાદીઓમાં લશ્કર-એ-તૈયબાના ટૉપ કમાન્ડર નવીદ બાબૂ પણ સામેલ છે. બીજી તરફ, આતંકવાદીની ઓળખ હિજ્બુલ મુજાહિદીન સાથે જોડાયેલા અલ્તાફના રૂપમાં થઈ છે. મળતી માહિતી મુજબ બંને આતંકવાદી એક વીડિયોમાં જોવા મળ્યા હતા જે સફરજનના વેપારીઓને ધમકાવી રહ્યા હતા. સુરક્ષાદળોએ જે હિજ્બુલ કમાન્ડરને પકડ્યો છે તે પોલીસ કૉન્સ્ટેબલ હતો અને થોડા વર્ષ પહેલા તે ચાર એકે-૪૭ રાઈફલ લઈને ભાગી ગયો હતો. ત્યારબાદ તે આતંકી સંગઠન હિજ્બુલ મુજાહિદીન સાથે જોડાઈ ગયો. આ બંને ઉપરાંત એક અન્ય આતંકવાદીની પણ ધરપકડ કરવામાં આવી છે. તેનો સંબંધ જમ્મુ-કાશ્મીરના શોપિયાં સાથે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મમતાએ મોદી સાથે મંચ પર હાજરીને ટાળી

**કોલકતા પોર્ટ ટ્રસ્ટ કાર્યક્રમમાં મમતા બેનર્જી હાજર ન રહ્યા**

કોલકતા, તા. ૧૨

નાગરિકતા સુધારા કાનુન અને નેશનલ રજિસ્ટાર ઓફ સિટીજન (એનઆરસી)ને લઈને પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મંચ ઉપર એક કાર્યક્રમમાં હાજરી આપી લેફ્ટ વિદ્યાર્થી સંગઠનોના ટાર્ગેટ ઉપર આવેલી મમતા બેનર્જીએ આજે કોલકતા પોર્ટ ટ્રસ્ટના કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ પદે ૧૯ ફેબ્રુઆરીએ જેપી નડ્ડાની તાજપોશી

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો કાર્યકાળ ગત જાન્યુઆરીમાં જ સમાપ્ત થઈ ગયો હતો. લોકસભાની ચૂંટણીને નજીક જોઈ અમિત શાહને પદ પર બન્યા રહેવાનું કહેવામાં આવ્યું હતું. સામાન્ય ચૂંટણી અને તેના પછી શાહને ગૃહ મંત્રી મોદીમંડળમાં સામેલ કર્યા બાદ જેપી નડ્ડાને કાર્યકાળી અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતાં. હવે ચર્ચા છે કે, જેપી નડ્ડા જ પાર્ટીના આગામી અધ્યક્ષ હશે. તેઓ ફેબ્રુઆરીમાં પાર્ટીની કમાન સંભાળી શકે છે.

સૂત્રો અનુસાર ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષના પદ પર જેપી નડ્ડાની તાજપોશી ૧૯ ફેબ્રુઆરીએ થશે. માનવામાં આવી રહ્યું છે કે, ૧૯ ફેબ્રુઆરી સુધીમાં ૮૦ ટકાથી વધુ રાજ્યોની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. આ પછી રાષ્ટ્રીય અધ્યક્ષનો ચૂંટણી યોજાશે. સૂત્રોનું માનીએ તો જેપી નડ્ડાનું અધ્યક્ષ બનવું નક્કી માનવામાં આવી રહ્યું છે.

## બિહારમાં CAA - NRC લાગુ નહીં કરાય : પ્રશાંત કિશોર

**અવાજ ઉઠાવવા બદલ રાહુલ પ્રશંસાને પાત્ર છે : વિવિધ રાજ્યના મુખ્યપ્રધાનો હવે વલણ સ્પષ્ટ કરે : પ્રશાંત**

પટણા, તા. ૧૨

નાગરિક સુધારા કાનુને લઈને ફરીએકવાર જેડીયુના નાયબ અધ્યક્ષ પ્રશાંત કિશોરે પાર્ટીથી અલગ વલણ રજુ કર્યું છે. સાથેસાથે સીએએ અને એનઆરસીના મુદા પર અવાજ ઉઠાવા બદલ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની પ્રશંસા પણ કરી છે. પ્રશાંત કિશોર શરૂઆતથી જ નાગરિક કાનુની સામે નિવેદન કરતા રહ્યા છે. હાલમાં જ મુખ્યમંત્રી નિતિશ કુમાર સમક્ષ પણ પોતાની રજુઆત કરી હતી. સાથે સાથે આ મુદા પર વલણ સ્પષ્ટ કરવા નિતિશ કુમારને પણ કહ્યું હતું. તેમના નિવેદનને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા જોવા મળી રહી છે. નાગરિકતા કાનુનને લઈને પ્રશાંતે હવે નવા ટ્વિટ કર્યા છે. પોતાના ટ્વિટમાં પીકેએ કહ્યું છે કે, તેઓ કોંગ્રેસના નેતૃત્વને અભિનંદન આપે છે. સ્પષ્ટ રીતે સીએએ અને એનઆરસીને અસ્વીકાર કરવા માટે રાહુલ ગાંધી અને પ્રિયંકા અભિનંદનને પાત્ર છે. પ્રશાંતે દાવો કર્યો હતો કે, બિહારમાં સીએએ અને એનઆરસીને લાગુ કરવામાં આવશે નહીં.

## મહારાષ્ટ્રમાં શિવસેનાના ૫૬ પૈકી ૩૫ ધારાસભ્યો અસંતુષ્ટ

**નારાયણ રાણેના નિવેદનથી રાજકીય ગરમી વધી**

થાણે, તા. ૧૨

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેએ આજે દાવો કર્યો હતો કે, રાજ્યમાં શિવસેનાના ૫૬ ધારાસભ્યો પૈકી ૩૫ પાર્ટીના નેતૃત્વથી નાખુશ દેખાઈ રહ્યા છે. હાલમાં ભાજપના કોટામાંથી રાજ્યસભાના સભ્ય રાણેએ એક કાર્યક્રમમાં કહ્યું હતુ કે, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં સરકાર બિન અસરકારક દેખાઈ રહી છે. કોંગ્રેસ, શિવસેના, એનસીપીએ મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવી છે. સરકાર બન્યાને પાંચ સપ્તાહથી વધુનો સમય થઈ ચુક્યો છે પરંતુ વિશ્વાસનો અભાવ દેખાઈ રહ્યો છે. રાણેએ વિશ્વાસ સાથે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ભાજપ ફરી સત્તામાં આવશે. ભાજપની પાસે ૧૦૫ ધારાસભ્યો છે. જ્યારે શિવસેનાની પાસે માત્ર ૫૬ ધારાસભ્ય છે. તેમાંથી પણ ૩૫ અસંતુષ્ટ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાન અમેરિકાના ચાર દૂતાવાસો પર હુમલા કરવાની ફિરાકમાં : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૧૨

ઈરાન સાથે ભારે તણાવ વચ્ચે એમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ થોડા નરમ પડ્યાં હોય તેવું લાગી રહ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે શનિવારે કહ્યું કે હંમેશા ઈરાની લોકો સાથે તેઓ ઉભા છે. લોકોની નારાજગી પર તેમની નજર છે. જ્યારે ઈરાનની સરકારે એક વિમાનને તોડી પાડવાનો દાવો કર્યો છે. હાલ તેહરાન એરપોર્ટ પર એક વિમાન દુર્ઘટના થઈ છે જેમાં ૧૭૬ લોકોના મૃત્યુ થયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંમ્પે ટ્વીટમાં લખ્યું કે ઈરાનના બહાદુર, લાંબા સમયથી પીડિત લોકોની સાથે છે. જ્યારથી સત્તા પર આવ્યો છું હું તમારી સાથે છું મારી સંવેદના તમારી સાથે છે. મારૂ પ્રશાસન તમારી સાથે ઉભું છે. ટ્રંમ્પે લખ્યુ કે અમે તમારા વિરોધ પર બારીકીપૂર્વક નજર રાખી રહ્યા છીએ. તમારા સાહસથી અમે પરિચીત છીએ. રાષ્ટ્રપતિ ટ્રંમ્પે ફારસીમાં આ જ વાતને ટ્વીટ કરી હતી.














